ધ્યેય જેટલું મહાન તેટલો જ તેનો માર્ગ પર લાંબો અને વિકટ

- સાને ગુરૂજી

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૮ ૨૮ નવેમ્બર, ૨૦૧૨, બુધવાર; કારતક સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગરમાં શંકરસિંહને લડાવવા કોંગ્રેસની વિચારણા

ભાજપમાં કર્મચારી અગ્રણી વિષ્ણુભાઈ પટેલ માટે સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પરથી રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા કોંગ્રેસ પક્ષમાંથી ઉમેદવારી નોંધાવશે તે વાત પાટનગરના રાજકીય વર્તુળોમાં છુટા મોઢે ચર્ચાઈ રહી છે તો ભાજપે આ બેઠક પર કર્મચારી અગ્રણી વિષ્ણુ પટેલની પસંદગીને આખરી મહોર મારવાની તૈયારી કરી લીધી છે.

ગુજરાતની બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીને લઈ પ્રદેશ નેતાઓની દિલ્હીમાં બેઠકોનો સિલસિલો ચાલી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાએ આજે દિલ્હીમાં પક્ષના મોવડીમંડળ સાથે ચર્ચા વિચારણાઓ કરી હતી. તેમણે ગાંધીનગર (ઉ) બેઠક પરથી પક્ષ આદેશ કરશે તો લડવાની તૈયારી દર્શાવી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શંકરસિંહ વાઘેલાનું વતન પણ ગાંધીનગર જિલ્લામાં આવેલ છે. તેમજ આ વિસ્તારમાં તેમનું સારૂ એવું પ્રભુત્વ છે.

● અનુસંધાન પાન-૬ પર

ગાંધીનગર માટે આજે નિર્ણય થશે

ગાંધીનગર, તા.૨૭

મોડી સાંજે મળતી માહિતી મુજબ ગાંધીનગર ઉત્તરમાં નહીં પરંતુ દહેગામમાં શંકરસિંહને લડાવવા કોંગ્રેસ મોવડીમંડળ તૈયાર હોવાનું જાણવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર શંકરસિંહ વાઘેલાએ આ સંદર્ભે કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. જોકે, દિલ્હીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગાંધીનગર (ઉત્તર)માં નીશીથ વ્યાસનું નામ નિશ્ચિત મનાય છે. જ્યારે ગાંધીનગર દક્ષિણમાં નરહરિ અમીન માટે પણ મોવડીમંડળનું વલણ મોળું છે. દક્ષિણ માટે હિમાંશુ પટેલ અને લાલભાઈ પટેલના નામો ચર્ચામાં ચાલે છે.

જિલ્લામાં ૩૦૦ માઈક્રો ઓબ્ઝર્વર નિમાશે

આચારસંહિતાના અમલ માટે નિમાયેલા બે નિરીક્ષકો બદલાયા : માઈક્રો ઓબ્ઝર્વરની નિમણુંકના આદેશો જારી કરાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ૩૦૦ માઈક્રો ઓબ્ઝર્વર ચૂંટણીની આચારસંહિતાના અમલ માટે ખાસ ફરજો બજાવશે.

જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભાના પાંચ મતવિસ્તારોમાં આ માઈક્રો ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવશે. આ અંગેના હૂકમો પણ જારી કરી દેવામાં આવ્યા છે. તેઓ ચૂંટણી પંચે નિમેલા સામાન્ય ઓબ્ઝર્વર સાથે ફરજ બજાવશે.

આ માઈક્રો ઓબ્ઝર્વરને પંચ દ્વારા ખાસ તાલિમ પણ આપવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આ માઈક્રો ઓબ્ઝર્વરને ૧લી ડિસેમ્બરના રોજ પ્રથમ તબક્કાની તાલિમ આપવાનો પણ નિર્ણય લેવાઈ ચુક્યો છે.

આ માઈક્રો ઓબ્ઝર્વર ખાસ કરીને ઉમેદવારો દ્વારા જાહેર પ્રચાર બંધ થાય ત્યારબાદ તેમની કામગીરી વિશેષ બની રહેશે. મતદારોને લલચાવવા અથવા લોભાવવાના પ્રયાસો પર તેઓ બાજ નજર રાખશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણીપંચની સૂચનાઅનુસાર કેટલાક મહત્વના મતદાન મથકો ઉપર આ ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવનાર છે. માઈક્રો ઓબ્ઝર્વર તરીકે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અધિકારીઓ, રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓ જીવન વીમા નિગમના કર્મચારીઓની નિમણુંક કરવામાં આવશે.

આ માઈક્રો ઓબ્ઝર્વરની તાલીમ ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા નિરીક્ષકોની હાજરીમાં યોજાશે.

દરમ્યાન જિલ્લામાં પંચ દ્વારા નિમાયેલા પાંચ નિરીક્ષકો પૈકી બે નિરીક્ષકોની નિમણુંકોમાં ફેરફાર કરાયા છે. ગાંધીનગર (દ) બેઠક માટે વિજયસિંઘની અને માણસા માટે એમ. ગૌડગીલની નિમણુંક કરવામાં આવી છે.

પંચ દ્વારા આચારસંહિતાના અમલ માટે નિમાયેલા નિરીક્ષકો ૨૯મીએ અથવા ૩૦મીએ સવાર સુધીમાં આવી પહોંચશે અને તેઓ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી રોકાશે.

જિલ્લામાં વધુ બે ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી માટે આજે બે ઉમેદવારી પત્રો ભરાયા છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩ ઉમેદવારી પત્રો ભરાયા છે.

આજે માણસા બેઠક માટે બહુજન સમાજવાદી પાર્ટીના શ્રી પરમાર વિઠ્ઠલભાઈ સોમાભાઈએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ગાંધીનગર (ઉ) બેઠક માટે આજે વધુ એક અપક્ષ ઉમેદવાર દિવાજી જુગાજી ઠાકોરે ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર (ઉ) બેઠક માટે કુલ ૨ ઉમેદવારી પત્રો અત્યાર સુધીમાં ભરાયા છે જ્યારે માણસા બેઠક માટે એક ઉમેદવારી પત્ર ભરાયુ છે.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો છે. ઉમેદવારી કરવા માટે જિલ્લામાં ૧૦૦ થી વધુ ટિકિટ વાચ્છુઓ ઉમેદવારી પત્રો લઈ ગયા છે. મુખ્ય રાજકીય પક્ષો દ્વારા હજુ ઉમેદવારોની સત્તાવાર ઘોષણા થઈ નથી.

દેવ દિવાળી - આજે દેવ દિવાળીની ઉજવણી ગુજરાતના ગામેગામ આદ્યશક્તિ મા-અંબામા ધામમાં દેવદિવાળી નિમિત્તે શક્તિપીઠને ઝળહળાટ રોશનીથી શણગારાયું છે. પુનમના પાવન દિવસે માઈભક્તો મોટી સંખ્યામાં માતાજીના દર્શને આવે છે. કાર્તિકી પૂર્ણિમાનો અનોખો મહિમા છે.. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આજે ભાજપના ૯૪ ઉમેદવારો જાહેર કરાશે

આજે દિલ્હી ખાતે ભાજપાની કેન્દ્રિય ચૂંટણી સમિતિની બેઠક મળશે : મોદી, રૂપાલા, ફળદુ, દલસાણીયા હાજર

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત વિધાનસભાની ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ૯૫ બેઠકોની ચૂંટણીના ઉમેદવારોની યાદીને આખરી ઓપ આપવા માટે પરસોત્તમ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુ, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તથા ભાજપાના રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી. સતીષજી પણ ઉપસ્થિત રહેશે.

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ૯૫ પૈકી ૯૪ બેઠકોના ઉમેદવારોની યાદીને ચર્ચા-વિચારણાને અંતે જાહેર કરવામાં આવશે. બીજા તબક્કાની ચૂંટણી માટે જાહેર થનારા ઉમેદવારો પૈકી મણિનગર વિધાનસભાની બેઠક માટે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ પ્રથમ યાદી સાથે જ જાહેર થઈ ગયું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે બીજા તબક્કાની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી માટે પ્રદેશ પાર્લામેન્ટરી વોર્ડ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હતી. જેમાં મોટાભાગના ધારાસભ્યોને પુનઃ ટિકીટ આપવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે જ્યારે કેટલાક પ્રધાનો તથા ધારાસભ્યોના મતવિસ્તાર પણ બદલવામાં આવશે. ભાજપ દ્વારા જાહેર થનારી બીજી યાદીમાં સહુથી મહત્વની બાબતમાં તાજેતરમાં ભાજપમાં જોડાયેલા આર. એમ. પટેલ જેવા નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓને ભાજપ ટિકીટ આપશે. આ ઉપરાંત કોંગ્રેસ છોડી આજે પુનઃ ભાજપમાં જોડાયેલા ઉમરેઠના ધારાસભ્ય લાલસિંહ વડોદીયા તથા થોડા દિવસ અગાઉ ભાજપમાં જોડાયેલા રાજવી પરિવારના સભ્યોને ભાજપ ચૂંટણીમાં ઉતારે તેવી પણ શક્યતાઓ વર્તાઈ રહી છે. ભાજપની યાદીને લઈને રાજકીય વર્તુળોમાં સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. બીજા તબક્કાની યાદી જાહેર કરવામાં આવ્યા બાદ જ વિસ્તૃત ચિત્ર સ્પષ્ટ થશે. અમદાવાદ શહેરમાં કોને ટિકિટ મળે છે તે બાબત પર તમામ નજર રાખી રહ્યા છે. બીજા તબક્કામાં મોટાભાગે અમદાવાદની બેઠકોનો સમાવેશ થાય છે.

જોઈએ છે

ગણિત, વિજ્ઞાનના શિક્ષક જોઈએ છે

(માધ્યમિક વિભાગ માટે)

પ્રેરણા વિદ્યાલય

પ્લોટ નં. ૩૪૦, સે.૫એ, ગાંધીનગર

ફોન નં. : ૨૩૨૪૬૦૦૭

દિન-૫માં અરજી કરવી.

॥ જય જલારામ ॥

ફ્લેટ વેચવાનો છે

નવું બાંધકામ, કુલ ત્રણ માળ, બીજે માળે, એક બેડરૂમ, એક ડાઈનીંગ રૂમ, એક ડ્રોઈંગ રૂમ, એક રસોડું, બે બાલ્કની (કોર્નર પીસ) કુલ આશરે ૮૫ વાર બાંધકામ, ટાઈટલ ક્લીયર, લોન મળી શકશે. સ્કૂલ ઓફ એચીવરની બાજુમાં રિદ્ધિ-સિદ્ધી એપાર્ટમેન્ટ, સરગાસણ ચોકડીથી ચાલીને બે મિનિટના અંતરે રૂ. ૧૯/- લાખ ફીક્સ

(મેન્ટેનન્સ, ગુડા-જીઈબી સાથે ફક્ત દસ્તાવેજ ખર્ચ અલગ)

રૂ. ૨૦,૦૦૦/- દલાલી ફીક્સ

શ્રી કિશોરભાઈ કક્કડ : મો. ૯૪૨૯૭ ૭૬૦૧૦

ગાંધીનગર સમાચાર એટલે સમાજ અને શાસન વચ્ચેનો સેતુ

સર્વે બનાસકાંઠા જિલ્લાના પ્રજાજનો - શુભેચ્છકો, વાચકો, વિજ્ઞાપન દાતાઓને નૂતન વર્ષ (દેવ) દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ....



ગાંધીનગર સમાચાર બનાસકાંઠા બ્યુરો

શ્રી ગણપતભાઈ કે. જોષી
બ્યુરો ચીફ, બનાસકાંઠા
મો. : ૯૩૭૫૦ ૭૬૦૬૧

શ્રી હરેશકુમાર જી. જોષી
પ્રતિનિધિ, પ્રેસ ફોટોગ્રાફર
મો. : ૮૦૦૦૯ ૧૧૬૧૬

ટે. નં. : ૦૨૭૪૨ ૨૪૭૮૩૬

સમાચાર, જાહેરાત અને તાલુકા મથકો, અન્ય વિસ્તારોમાં ગાંધીનગર સમાચારની એજન્સી માટે સંપર્ક કરો.

બ્યુરો ઓફીસ : 'ગાંધીનગર સમાચાર', નં. ૯, હરિૐ મ્યુનિસિપલ માર્કેટ, દિલ્હી ગેટ, પાલનપુર, જી. બનાસકાંઠા

આ છે, આપણી બેંકની પ્રગતિના આંકડા

વિગત	૨૦૦૬	૨૦૧૨
થાપણો	૩૫૨ કરોડ	૭૯૩ કરોડ
ધિરાણ	૩૮૮ કરોડ	૬૧૭ કરોડ
સ્વભંડોળ (ફંડ)	૬૦ કરોડ	૧૦૧ કરોડ
કાર્યકારી ભંડોળ	૬૨૮ કરોડ	૧૨૫૪ કરોડ
ગ્રોસ નફો	૮.૧૦ કરોડ	૧૫.૯૪ કરોડ
ખેતી વિષયક ટૂંકી મુદતનો વ્યાજ દર	૧૨ %	૪ %

સૌને દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

ચેરમેન અને બનાસ બેંક પરિવાર

શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.

આપણી બેંક – બનાસ બેંક

બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ

જુના ગંજ બજાર, પાલનપુર, ફોન : ૨૫૨૫૦૩, ૨૫૩૭૦૬

આટલુ અવશ્ય કરો

- શિક્ષણ ફંડની રકમ ડિવીડંડ વહેંચતા પહેલા સંઘને મોકલો.
- જિલ્લા સહકારી સંઘ મારફત યોજવામાં આવતા સહકારી શિક્ષણ વર્ગોનો લાભ મેળવો.
- ધર્માદા ફંડ વાપરવાની મંજુરી સંઘમાંથી મેળવીને મર્યાદા ફંડનો ઉપયોગ કરો.
- તમારો વાર્ષિક અહેવાલ, હિસાબ અને સભ્ય ફી જિલ્લા સહકારી સંઘને અવશ્ય મોકલો.
- મંડળીને લગતું સાહિત્ય જિલ્લા સહકારી સંઘમાંથી ખરીદવાનો આગ્રહ રાખો.
- નવી મંડળીની રચના કે મંડળીના પ્રશ્નો માટે જિલ્લા સહકારી સંઘની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવો.
- સંઘ યોજીત સહકારી પરિષદો, શિબિર સેમીનારો અને સભાઓમાં પ્રતિનિધિ મોકલો.
- ગુજરાત રાજ્ય સરકારી સંઘ પ્રકાશિત સહકાર સાપ્તાહિક અને ગ્રામ સ્વરાજ માસિક લવાજમ ભરી મેળવો.
- આ સંઘ આપનો છે તેની સાથે સતત સંપર્કમાં રહો.

શ્રી પાંચાભાઈ વી. પટેલ
શ્રી જવાનસિંહ જી. સોલંકી
ઉપાધ્યક્ષ

શ્રી અણદાભાઈ પટેલ
અધ્યક્ષ

શ્રી નરસંગભાઈ વી. પટેલ
શ્રી મલાભાઈ એમ. દેસાઈ
માનદ્ મંત્રી

શ્રી કે. જી. ચૌધરી
એક્ઝીક્યુટીવ ઓફિસર

શ્રી ધુળાભાઈ એન. દેસાઈ
સહમંત્રી

TVના રીમોટ મળશે

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

ધી બનાસકાંઠા મર્કેન્ટાઈલ કો.ઓપ બેન્ક લી. પાલનપુર

માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો તથા શુભેચ્છકોને નૂતન વર્ષાભિનંદન

આજની પુનીત પળે પ્રભુને એક જ પ્રાર્થના. આપનું જીવન હરપળ દિવાળી, હરક્ષણ નૂતન વર્ષમય બની રહો.

0% NPA BANK

- ટુ-વ્હીલર/ ફોર વ્હીલર, સોના ચાંદીના દાગીના તથા જામીનગીરી સામે નીચે વ્યાજ દરે ત્વરિત લોન સેવા ઉપલબ્ધ.
- પોતાના ગ્રાહકને ૧૨ ટકા જેવા નીચા વ્યાજ દરથી લોન સેવા આપવા પ્રતિબદ્ધ.
- લોકર્સ સુવિધા મુખ્ય કચેરી, નવીન ગંજ શાખા, ઢુંઢીયાવાડી, ડીસા શાખામાં ઉપલબ્ધ.
- તા. ૨૬-૬-૨૦૧૨ સુધીના સભાસદોની સુરક્ષાર્થે રૂ. ૧ લાખની એક્સીડેન્ટ વિમા પોલીસી મેળવેલ છે.
- શેર ડીમેટ સેવા / સ્ટેમ્પ ફ્રેન્કીંગ સેવા મુખ્ય કચેરીમાં ઉપલબ્ધ.

બેંક માટે ગ્રાહક જ સર્વસ્વ છે.

બેચરદાસ ડી. પટેલ, મેનેજીંગ ડીરેક્ટર — ભૂપેન્દ્ર જી. ત્રિવેદી, સી.ઈ.ઓ. — પુષ્કરભાઈ એન. પટેલ, ચેરમેન

આવો આપણે સૌ સાથે મળી નવા વર્ષમાં સંકલ્પ કરીએ કે....

'નો મોર કરપ્શન'

શૈલેષભાઈ જોષી

સભ્ય ટીમ અન્ના હઝારે ગુજરાત રાજ્ય

પાલનપુરના નગરજનોને નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ

નગરપાલિકા પાલનપુર

આવો આપણે સૌ મળી નૂતનવર્ષે નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા આટલું તો અવશ્ય કરીએ જ...

ઘર-દુકાન કે ઓફીસનો કચરો ફરજીયાતપણે કચરા ટોપલીમાં એકત્રીત કરી નગરપાલિકાઓ મુકેલ કન્ટેરનમાં કચરો નાંખીએ કે નગરપાલિકા દ્વારા શરૂ કરેલ ડોર-ટુ-ડોર કલેક્શન માટે આવતા ટ્રેક્ટરમાં કચરો નાખીએ. ● હોસ્પિટલ, દવાખાનામાંથી ઉત્પન્ન થતો કચરો અન્ય કચરા સાથે ભેળવાય નહીં તેનો ખ્યાલ રાખી તેવા કચરાનો નિયમોનુસાર યોગ્ય નિકાલ કરીએ. ● પાણી કે અન્ય પ્રકારના પાઉચ, પ્લાસ્ટિકની થેલીનો કચરો જ્યાં ત્યાં ન ફેંકતા ટોપલીમાં એકત્રિત કરી યોગ્ય નિકાલ કરીએ. ● પ્લાસ્ટિક એ ઝેર સમાન છે. પ્લાસ્ટિકની થેલીઓના દુરઉપયોગથી પશુધનને નુકસાન થાય છે. માટે પ્લાસ્ટિકની થેલીઓનો ક્રમશઃ ઉપયોગ ઘટાડી પ્લાસ્ટિકની થેલીઓનો સદંતર ઉપયોગ બંધ કરીએ તેમજ ખાદ્ય પદાર્થો કે અન્ય વસ્તુ લેવા માટે કાપડની / કાગળની થેલીઓનો જ ઉપયોગ કરીએ ● પાણીનો બગાડ અટકાવીએ અને વપરાશી પાણીનો ગટર દ્વારા નિકાલ થાય તે પ્રમાણે વર્તીએ ● ભૂગર્ભ ગટર કે પીવાના પાણીના ગેરકાયદેસર કનેક્શન (જોડાણ) ન કરીએ. જો કરેલ હોય તો સ્વૈચ્છિક (આપ મેળે) નગરપાલિકામાં તે નિયમિત (રેગ્યુલર) કરાવીએ. ● નગરપાલિકાની માલિકીની જગ્યા તેમજ જાહેર માર્ગ ઉપર કરેલ દબાણો તાત્કાલિક સ્વૈચ્છિક (આપ મેળે) ખુલ્લા કરી સહકાર આપીએ. ● નગરપાલિકામાં નિયમિત વેરા ભરીએ અને શહેરના સર્વાંગી વિકાસમાં સહભાગી બનીએ. ● જળ જીવનનું અનમોલ રતન છે તેનો બચાવ કરવો જોઈએ.

પાલનપુર શહેરના સર્વાંગી વિકાસ માટે નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ સહ....

પાલનપુર નગરપાલિકા પરિવાર